सत्यमेव जयते

| | |
|---|---|
| **આંક** | ૧૧ |
| **દાખલ તા.** | ૧૦/૦૯/૨૦૨૫ |
| **રજુ કર્યા તા.** | ૧૦/૦૯/૨૦૨૫ |
| **ચાર્જફ્રેમ કર્યા તા.** | ૨૨/૦૯/૨૦૨૫ |
| **તપાસેલ સાક્ષી** | ૦૨ |
| **ફેંસલ કર્યા તા.** | ૧૦/૦૪/૨૦૨૬ |
| **સમય મર્યાદા** | વર્ષ: માસ:<br>દિવસ: |

**મે. ૨૨ માં એડીશ્નલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૨, મધ્યે, અમદાવાદ શહેર.**

**ફોજદારી કેસ નં.૨૮૭૩૩૬/૨૦૨૫**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

આરોપી :– રવિ સ/ઓ રમેશભાઈ ચીલીભાઈ દાતચણીયા, ઉ.વ.૨૩,

રહે. શંકરભુવનના છાપરા, યોગેશ્વર ચોક, શાહપુરા,
અમદાવાદ.

**ગુન્હો :– ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૪(૨) મુજબ.**

**સરકાર તરફે :– વિ. એ. પી. પી. શ્રી વી. બી. સોલંકી.**
**આરોપીઓ તરફે :– વિ. વ. શ્રી એન.બી.દત્ત.**

**–// ચુકાદો //–**

**(૧)** આ કામની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૦૬/૨૦૨૫ના સવારના કલાક ૦૯:૦૦ વાગ્યાના સમય દરમ્યાન પાલડી બોન પ્લસ હોસ્પીટલ સામે જાહેર રોડ ઉપર ફરિયાદીના પાછળના ભાગેથી પોતાનુ ટુ વ્હીલર સુઝુકી એક્સેસ જેનો આર.ટી.ઓ.નં.જી.જે.૦૧.વાય.એફ.૭૭૩૨નુ ચલાવી લાવી ફરિયાદીએ ગળામા પહેરેલ સોનાની ચેન આશરે બે તોલા વજનની જેની કિં.રૂા.૧,૫૦,૦૦૦/–ની મત્તાની ગણી શકાય તે ઝુટવી ખેંચી તોડી લઈ પોતાના ટુ વ્હીલર સાથે ભાગી જઈ પાછળથી ક્રાઈમબ્રાન્ચ અમદવાદ સાથે પકડાઈ જઈ ગુનો કર્યા બાબતે ફરિયાદ ફરિયાદીએ પાલડી પો.સ્ટે.માં ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૪(૨) મુજબની ફરિયાદ કરતાં પોલીસે એ ગુના રજી.નં.૧૧૧૯૧૦૧૬૨૫૦૧૦૦/૨૦૨૪ થી ગુનો રજીસ્ટર કરેલ છે.

**(૨)** આ કામના આરોપીઓની સામે ધોરણસરના સમન્સની બજવણી કરતાં તેઓ પોતાના વિ.વ.શ્રી મારફત હાજર થયા હતાં અને તેમને ભારતીય નાગરીક સુરક્ષાની કલમ–૨૩૦ ની જોગવાઇઓને આધીન રહી પોલીસના તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ આ કામના આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનું તહોમતનામું આંક–૦૩ થી ફરમાવી વાંચી, સમજાવી આરોપીની પ્લી આંક–૦૪થી રેકર્ડ કરતાં

આરોપીઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવા પર મુકવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૦૫ | યાસીન શકુરભાઈ શેખ | સાહેદ |
| ૨. | ૦૭ | મંજુલાબેન દીનેશભાઈ શાહ | ફરિયાદી સાહેદ |

**-: ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચનામુ. |
| ૨. | ૦૮ | ફરિયાદ. |

(૪) સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદી સાહેદે આંક-૧૦ થી પુરાવો બંધ કરવાની પુરશીશ રજુ કરતાં ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવા વિનંતી કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) વધુમાં આ કામે બી.એન.એસ.એસ. ની કલમ-૩૫૧ ની જોગવાઈઓ ધ્યાને લેતાં પ્રત્યેક ન્યાયીક કાર્યવાહી માં ફરીયાદપક્ષ ના સાહેદો તપાસાઈ ગયા બાદ તથા આરોપીએ પોતાના બચાવ માટે જણાવવામાં આવે ત્યાર પહેલા સમગ્ર કેસ બાબતે પુછવાની જોગવાઈ છે. જેથી આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેના ખુલાસા કરવા આરોપીને તક આપવી જોઈએ. સમગ્ર કેસની કાર્યવાહી તથા પુરાવા જોતાં આ કામે આરોપી વિરૂધ્ધ કોઈ ખુલાસા લાયક પુરાવો પડેલ નથી, આરોપી ના વિશેષ નિવેદન નો કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧(૧)(૬)ધ્યાને લેતાં કોર્ટ દ્વારા જ્યારે આરોપીની અંગત હાજરી વગર કાર્યવાહી

કરેલ હોય ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ (૧)(૬)માં જણાવેલી તપાસણી વગર કેસ નો નિર્ણય કરી શકાશે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે નું આરોપીનું નિવેદન લીધેલ નથી તેમજ/અથવા જરૂર જણાય આવતી નથી.

**(૬)** ત્યારબાદ સદર કામે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડની ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, વાગ્યાના સમય દરમ્યાન પાલડી બોન પ્લસ હોસ્પીટલ સામે જાહેર રોડ ઉપર ફરિયાદીના પાછળના ભાગેથી પોતાનુ ટુ વ્હીલર સુઝુકી એક્સેસ જેનો આર.ટી.ઓ.નં.જી.જે.૦૧.વાય.એફ.૭૭૩૨નુ ચલાવી લાવી ફરિયાદીએ ગળામા પહેરેલ સોનાની ચેન આશરે બે તોલા વજનની જેની કિં.રૂા.૧,૫૦,૦૦૦/–ની મત્તાની ગણી શકાય તે ઝુટવી ખેંચી તોડી લઈ પોતાના ટુ વ્હીલર સાથે ભાગી જઈ પાછળથી ક્રાઈમબ્રાન્ચ અમદવાદ સાથે પકડાઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૪(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–// કા ર ણો //–**

(૯) **<u>મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :–</u>**

**(૯.૧)** આ કામે આંક–૦૫થી સાહેદ યાસીન શકુરભાઈ શેખને સોગંદ પર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બે તણ મહીના અગાઉ પોલીસે રાયખડ કાઈમ બ્રાન્ચ ખાતે બોલાવેલ. તેમને અશરફભાઈ અને શીશપાલસીહ નાઓએ બોલાવેલ. આ બન્ને કોન્સટેબલ છે. તેમને રીવરફ્રન્ટ બાજુ લઈ ગયેલા અને આરોપી અને તેમના પંચોનો વીડીયો લીધેલ અને સહી કરાવેલ. અને આરોપી પાસેથી એક ચેઈન એ બીજી બે–ત્રણ વસ્તુઓ કબજે કરેલ. તે આરોપી કોર્ટમાં હાજર છે. તેમને આ પંચનામુ બતાવવામાં આવે છે. તે જોઈને કહે છે કે, તેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી છે. જે તેમને ઓળખે છે. તે પંચનામાને રજુ દાખલ આંક–૦૬ આપેલ છે.

સદર સાહેદ તેમની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને અશરફભાઈને સારી રીતે ઓળખે છે તેમજ અશરફભાઈ તેમને જયારે બોલવે ત્યારે તેમને પો.સ્ટે. જાઉ છું. એ વાત ખરી છે કે મને પંચ તરીકે બોલાવે ત્યારે હું સહી કરવા જાઈ છે તેમજ તેમને કાઈમબ્રાન્ચ હવેલી ખાતે બોલાવેલ અને ત્યાં જઈને તેમને સહી કરેલી તેમજ તેમને પંચનામામાં વાંચ્યા વગર સહી કરેલ હતી.

**(૯.૨)** આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરવો ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે ફરિયાદી સાહેદ મંજુલાબેન દીનેશભાઈ શાહ  તેમની આંક ૦ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૫ માં બનેલો. તે સમયે તેમને બોન પ્લસ હોસ્પીટલ સામેથી ચાલતા નીકળેલા ત્યારે એક અજાણ્યા ઈસમો એ વાહન લઈને આવી તેમના ગળા માં પહેરેલ સોનાની ચેઈન લઈને જતા રહેલા, તેમને વાહન ચાલકને તથા કયુ વાહન હતુ તે જોયેલ નહી. આ બાબતે તેમને પોલીસ ફરીયાદ કરેલી. તે ફરીયાદ બતાવવામાં આવે છે, તેમાં તેમની સહી છે. જે તેમને ઓળખે છે. ફરીયાદ રજુ દાખલ આંક–૦૮ છે. વધુમાં જણાવે છે કે તેમને તેમનો મુદ્દામાલ મળી ગયેલ હોય, હાલ નો કેશ તેમને આગળ ચલાવવા માંગતા નથી. આરોપી તરફે ઉલટતપાસ નથી.

**(૧૦)** વધુમાં, સદર કામે ફરિયાદીએ આંક–૧૦ થી રજુ પુરાવા બંધની પુરશીશ રજુ કરતાં, અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી કારણ કે, કોઇપણ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય ત્યારે જ તે દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામેના આરોપમાં ઉપયોગમાં લઇ વંચાણે લઇ શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને એવીડન્સ એકટની કાયદાકીય જોગવાઇને પણ આ તબકકે ધ્યાને લઇને તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવાનું રહે છે. આમ, આ કામે જે દસ્તાવેજ પુરાવા તરીકે રજુ કરેલ છે તેના સાહેદોના મૌખિક પુરાવાના અભાવે આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ નથી. જેથી, સદર કામના આરોપીઓએ જ ગુન્હો કર્યો હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ તમેના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ તેનો ઉપયોગ આરોપીઓની વિરૂધ્ધમાં કરી શકાય નહીં, તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૧)** આમ, જયારે ફરિયાદી સાહેદ મંજુલાબેન દીનેશભાઈ શાહ  પોતે જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય અને ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેતાં હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઈ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થાય તેમ નથી, ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ તપાસવાની ઔપચારીકતા નિભાવીને કોર્ટનો મૂલ્યવાન સમય વેડફવો ન જોઇએ અને ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના ચુકાદા જેવા કે, (૧) ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને (૨) ૨૦૦૮(૩) – ક્રિ. લો. જનરલ – ૨૨૪૩, મદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને હરિયાણા – સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા છે.  સદર સિધ્ધાંતને અનુસરીને અત્રેની અદાલત ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાના તારણ પર આવેલ છે.

**(૧૨)** હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરિયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરિયાદપક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર રજુ કરેલ શકેલ નથી કે એવી કોઇ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય. તેમજ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ પર રજુ કરેલ નથી કે, જેથી આરોપીઓએ ફરિયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઇ શકે. જેથી, ઉપર મુજબ મુદ્દા નંબર – ૦૧ નો નિર્ણય '' **નકારમાં** '' ઠરાવી મુદ્દા નંબર – ૦૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

- સદર કામે પાલડી પોલીસ સ્ટેશન એ ગુના રજી.નં.૧૧૧૯૧૦૧૬૨૫૦૧૦૦/૨૦૨૪ થી, ક્રિમી. કેસ નં. ૨૮૭૩૩૬/૨૦૨૫ ના કામે આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૪(૨) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓ માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.
- ગુનાના કામે કબજે કરેલ મુ.પા.નં.૪૪/૨૦૨૫, તા.૩૧/૦૭/૨૦૨૫માં જણાવ્યા મુજબના મુદ્દામાલ બાબતે આગઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે

કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા જો કોઈ વ્યક્તિ મુદ્દામાલ કલેમ કરે તો તેની માલિકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૦મી, માહે– એપ્રિલ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ :– અમદાવાદ.

તા.૧૦/૦૪/૨૦૨૬ (ડો. ભારતી ગોવિંદભાઈ રાઠોડ)

૨૨ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.

UNIQUE CODE GJ - 01481

#J.D.BABARIYA#